જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૬/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૯૭/૧૭**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી શહેરકોટડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની જરૂરી સુચના આધારે સર્વે.સ્કવોડના પો.સબ.ઇન્સશ્રી એન.બી.સોલંકી તથા સ્ટાફના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન અનીલ સ્ટાર્ચ ત્રણ રસ્તા પાસેથી પો.કો. કેતનકુમાર વિનુભાઈ બ.નં ૪૮૪૧ તથા પો.કો. હસમુખભાઇ નાનજીભાઇ બ.નં.૩૯૫૯ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપી હરીશ ઉર્ફે હરીયો સ/ઓ રતનભાઇ સોલંકી ઉ.વ. ૨૨ રહે. બજરંગની ચાલી, પાણીની ટાંકી પાસે કુબેરનગર અમદાવાદ શહેર નાને તા.૨૨/૦૬/૧૭ ના ક.૧૮/૩૦ વાગે સી.આર.પી.સી.૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી સદરી પાસેથી હોન્ડા એક્ટીવા નં.જી.જે-૦૧-જે.એન-૮૧૧૩ કિ.રૂ.૩૦,૦૦૦/-નુ કબ્જે કરવામાં આવેલ અને જે એક્ટીવા નારણપુરા પો.સ્ટેશન વિસ્તાર માંથી આરોપીએ ચોરી કરેલાનુ જણાવેલ તેમજ સદર આરોપીની સધન પુછ પરછ કરતા આરોપીએ આજથી એકાદ વર્ષ અગાઉ સરદારનગર કુબેરનગર વિસ્તાર માંથી એક એક્ટીવા નં.GJ-01-SC-9118 કિ.રૂ ૨૫૦૦૦/-નુ ચોરી કરેલાની કબુલાત કરતો હોય જે બાબતે સરદારનગર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૭/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ હોય સદર ગુનાનુ એક્ટીવા મુદ્દામાલ પણ આરોપી પાસેથી કબ્જે કરી નારણપુરા પોલીસ સ્ટેશન તથા સરદારનગર પોલીસ સ્ટેશનના એમ બે ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે. તા.૨૨/૦૬/૧૭

## <u>નિકોલ પોલીસ સ્ટેશન :</u>

### નીકોલ પોલીસ સ્ટેશન/પ્રેસ નોટ

આગામી તા.૨૫/૬/૧૭ ના રોજ નીકળનાર રથયાત્રા સમયે કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઇ રહે તે સારૂ તેમજ પ્રોહી જુગારની અસામાજીક પ્રવૃતિ અંકુશમાં લેવા સારૂ અસરકારક પેટ્રોલીંગ તથા નાકાબંધીના પોઇન્ટો ગોઠવી કાર્યવાહી કરવા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડીવીઝન નાઓની સુચના આધારે અમોએ તથા સ્ટાફના માણસોએ અસરકારક પેટ્રોલીંગ તથા નાકાબંધી ગોઠવી આવી અસામાજીક પ્રવૃતિ અટકાવવા હાથ ધરેલ દરમ્યાન.................

(૧)તા.૨૧/૬/૧૭ ના રોજ ભુવાલડી ગામ તરફ થી આરોપી બાદરજી ગાંડાજી ઠાકોર પોતાની ઓટો રીક્ષા નંબર જીજે.૨૭.યુયુ.૫૦૧ માં ગેરકાયદેસર રીતે દેશી દારૂ લઇ આવતો હોય તેને ૨૧ લીટર દેશી દારૂ કીમત રૂપિયા ૪૨૦/- તથા ઓટો રીક્ષા કીંમત રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ્લે કીંમત રૂપિયા ૫૦,૪૨૦/-નો મુદ્દામાલ હસ્તગત કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૨)અત્રેના નીકોલ પોલીસ સ્ટેશન વિસ્તારના કઠવાડા ગામ છોડી અન્ય જીલ્લાઓ માંથી યાંત્રીક વાહનમાં દેશી દારૂ ની હેરાફેરી થતી હોવાની અને તા.૨૧/૬/૧૭ ના રોજ દેશી દારૂ ભરેલ મારૂતી સ્વીફટ ફોર વ્હીલ કાર નંબર જીજે.૦૧.કેપી.૭૩૨૦ નો ચાલક દેશી દારૂનો જથ્થો ભરી અમદાવાદ શહેરમાં પ્રવેશવાની હકીકત આધારે કઠવાડા ટેબલી હનુમાન ત્રણ રસ્તા પાસે નાકાબંધી વોચ ગોઠવી આ ગાડીમાંથી કુલ્લે ૬૬૫ લીટર દેશી દારૂ કીંમત રૂપિયા ૧૩,૩૦૦/- તથા સ્વીફટ ગાડી કીંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૩,૧૩,૩૦૦/-નો મુદ્દામાલ હસ્તગત કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આમ કુલ્લે ૬૮૬ લીટર દેશી દારૂ કીંમત રૂપિયા ૧૩,૭૨૦/- નો જથ્થો તથા એક ઓટો રીક્ષા તથા એક સ્વીફટ ફોર વ્હીલ ગાડી પકડી આવી પ્રવૃતિ કરના ઇસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ છે.

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પો.સ.ઇ પી.જે ખરસાણ તથા પો.સ.ઇ કે.એમ.ચૌધરી તથા પો.સ.ઇ પી.એચ દેસાઇ તથા મ.સ.ઇ અરવીંદસિંહ શંકરસિંહ બ.ન ૬૪૦૯ તથા હેકો જીવણભાઇ મેધજીભાઇ બ.નં ૭૫૫૦ નાઓની સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૦/૩૦ વાગ્યે છારાનગર રોડ પર આવતા આવતા અમોને બાતમી હકીકત મળેલ કે માચીસગલી બી વોર્ડ રોડ છારાનગરમાં રહેતી બાઇ નામે છાયાબેન બચુભાઇ ગાગડેકર નાની પોતાના ઘરે પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ સારૂ લાવી રાખી મુકેલ છે જે આધારે બે પચોના માણસો સાથે રેડ કરતા સદરી બાઇના રહેણાંક મકાનમાંથી <u>પરપ્રાંતના ઇંગ્લીસ દારૂ તથા બીયર ના નાના-મોટા નંગ મળી કુલ્લે ૧૭૯ નંગ કુલ્લે કિ.રૂ ૨૬૬૫૦/</u> ના મતાનો મુદ્દામાલ મળી આવેલ જેથી રેઈડ દરમ્યાન નાશી ગયેલ બાઇ વિરૂધ્ધમા પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધવામા આવેલ છે.આમ, સરદારનગર પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે. તા

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.